પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૦૨ | ૧૨ જાન્યુઆરી, ૨૦૧૮, શુક્રવાર ; પોષ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આજે પીએસએલવી-સી૪૦ની ઉડાન

વિધિવત કાઉન્ટડાઉન શરૂ : આજે ૩૧ ઉપગ્રહોને લોંચ કરવા માટેની તૈયારી : ઇસરોના બધા ટોચના અધિકારીઓ ઉપસ્થિત :અમેરિકા, કેનેડા, ફ્રાન્સ સહિત છ દેશોના કુલ ૨૮ સેટેલાઇટ રહેશે

ચેન્નાઈ,તા. ૧૧

ઇન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન અથવા તો ઇસરોએ પીએસએલવી-સી૪૦ કાર્ટોસેટ-૨ સેટેલાઇટ મિશન માટે કાઉન્ટડાઉનની શરૂઆત થઇ ચુકી છે. ૨૮ કલાક સુધી કાઉન્ટડાઉન ચાલનાર છે. સવારે ૫.૨૯ વાગે કાઉન્ટડાઉનની શરૂઆત થઇ હતી. ઇસરોની વેબસાઈટ ઉપર આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. મિશન રેડિનેસ રિવ્યુ કમિટિ અને લોંચ ઓથોરાઇઝેશન બોર્ડ દ્વારા બુધવારના દિવસે કાઉન્ટડાઉનને મંજુરી આપવામાં આવ્યા બાદ આ કાઉન્ટડાઉન શરૂ થયું છે. આ રોકેટ એક સાથે ૩૧ સેટેલાઇટને લઇને રવાના થશે જેમાં મુખ્ય પેલોડ કાર્ટોસેટ-૨ સીરીઝનો સમાવેશ થાય છે. અર્થ ઓબર્ઝવેશન સેટેલાઇટની શ્રેણીમાં સાતમાં સેટેલાઇટ તરીકે આને ગણવામાં આવે છે. એક માઇક્રો સેટેલાઇટ અને એક નેનો સેટેલાઇટ ભારતમાંથી લોંચ કરવામાં આવનાર છે. આ ઉપરાંત ૨૮ સેટેલાઇટ છ જુદા જુદા દેશોના છે જેમાં અમેરિકા, ફ્રાન્સ, ફિનલેન્ડ, કોરિયા ગણરાજ્ય અને કેનેડાનો સમાવેશ થાય છે. ૨૮ કલાક સુધી કાઉન્ટડાઉન ચાલનાર છે. તેના વર્કહોર્સ પોલાર સેટેલાઇટ લોંચ વ્હીકલ પીએસએલવી મારફતે ૨૫૦થી વધુ સેટેલાઇટોને પરિભ્રમણ કક્ષામાં સફળરીતે તરતા મુકી દેવામાં આવ્યા બાદથી ઇસરો જુદા જુદા દેશોના ઉપગ્રહોને હવે તરતા મુકી રહ્યું છે. સ્પેશ સંસ્થા દ્વારા હવે પીએસએલવીની નવી ક્ષમતા ઉમેરી

● અનુસંધાન પાન-૭ પર

ન્યુઝ ટ્રેક

ભાજપના પૂર્વ સાંસદ નાના પટોળે કોંગ્રેસમાં

મહારાષ્ટ્રના પૂર્વ સાંસદ નાના પટોળે આજે વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા છે. પ્રધાનમંત્રી સાથે વૈચારિક મતભેદ ઉભો થતાં તાજેતરમાં જ તેમણે ભાજપમાંથી અને સંસદમાંથી રાજીનામુ આપ્યુ છે.

કુખ્યાત આતંકી અહમદ કાવા ઝડપાયો

દિલ્હી એરપોર્ટ પરથી કુખ્યાત આતંકવાદી અહમદ કાવાને પકડવામાં સફળતા મળી છે. અહમદ કાવા લાલ કિલ્લા હુમલા કેસનો વોન્ટેડ આરોપી છે.

સીબીએસસી પરીક્ષા પાંચમી માર્ચથી

સીબીએસસીની ધો. ૧૦અને ૧૨ની પરીક્ષા ૫ મી માર્ચથી યોજાશે. સાથોસાથ આઈસીએસસી અને આઈએસસીએ પણ પોતાનો કાર્યક્રમ જાહેર કર્યો છે.

પટના-મોકામાં ટ્રેનમાં આગ

પટના-મોકામાં પેસેન્જર ટ્રેનમાં એકાએક આગ લાગતા ચાર ડબ્બા ખાક થઈ ગયા.

કાર્તી ચીદમ્બરમને ૧૬મીનુ સમન્સ

પૂર્વ નાણાંમંત્રી ચીદમ્બરમના પુત્ર કાર્તી ચીદમ્બરમને એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટરેટ તરફથી ૧૬મી જાન્યુઆરીનું સમન્સ પાઠવવામાં આવ્યું છે.

નોટબંધી અને જીએસટીથી મકાન સસ્તા

ભારતભરના શહેરોમાં આવાસની કિંમતમાં સરેરાશ ત્રણ ટકા સુધી ઘટાડો થયો

નવી દિલ્હી,તા. ૧૧

ગયા વર્ષે નોટબંધી, રિયલ એસ્ટેટ રેગ્યુલેશન એક્ટ અને જીએસટીના અમલીકરણના કારણે આવાસના ક્ષેત્રમાં કિંમતોમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. નાઈટફ્રેન્ક ઈન્ડિયા રિયલ એસ્ટેટ દ્વારા કરવામાં આવેલા અભ્યાસ બાદ તેના રિપોર્ટમાં કેટલીક વાત કરવામાં આવી છે. રિપોર્ટ મુજબ દેશભરના શહેરોમાં આવાસની કિંમતમાં સરેરાશ ત્રણ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે સૌથી વધારે ઘટાડો પુણેમાં સાત ટકા અને મુંબઈમાં પાંચ ટકાનો થયો છે. એનસીઆરમાં આવાસની કિંમતમાં છેલ્લા છ વર્ષોમાં સતત ઘટી રહી છે. ગયા વર્ષે પણ કિંમતોમાં સરેરાશ બે ટકાનો ઘટાડો થયો હતો. ઘરની કિંમત ઘટવા માટે કેટલાક કારણ રહેલા છે. જો કે મુખ્ય કારણ માંગમાં ઘટાડો છે. બેંગલોર, દિલ્હી, એનસીઆર અને ચેન્નાઈમાં ઘરના વેચાણમાં ક્રમશ ૨૬,૬ અને ૨૦ ટકા સુધીનો ઘટાડો થયો છે. જો કે પુણે અને મુંબઈમાં ઘર ખરીદનારમાં ઉત્સાહ દેખાઈ રહ્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે મહારાષ્ટ્રમાં રેરાના યોગ્ય રીતે લાગુ થયા બાદ મુંબઈ અને પુણેમાં ઘરના વેચાણમાં ત્રણ અને પાંચ ટકાનો વધારો થયો છે. વેચાણ ન થવાના કારણે આવાસીય ઘરના નવા પ્રોજેક્ટના લોન્ચિંગમાં પણ વિલંબ થઈ રહ્યો છે.

ટ્રમ્પ દ્વારા ભારતની પ્રશંસા

નો.કોરિયા સાથે સમય આવ્યે જ વાતચીત થશે : ભારત જેવા દેશ સાથે કામ કરવું ઘણી સારી વાત છે : ડોનાલ્ડ ટ્રમ્પ : ટ્રમ્પે જળવાયુ સંધિમાં પરત ફરવાના સંકેત આપ્યા



વૉશિંગ્ટન,તા.૧૧

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ભારત, રશિયા અને ચીન જેવા દેશો સાથે કામ કરવું ઘણી સારી વાત છે. ટ્રમ્પ રશિયા સાથે સંબંધ સુધારવા તરફની પહેલને લઇને થઇ રહેલી આલોચના પર પ્રતિક્રિયા આપી રહ્યા હતા. ટ્રમ્પે નોર્વેના વડાપ્રધાન સાથે વ્હાઇટ હાઉસમાં સંયુક્ત નિવેદનમાં જણાવ્યું કે રશિયા અથવા ચીન અથવા ભારત તેમજ અન્ય કોઇ દેશ સાથે કામ કરવું ઘણી સારી વાત છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતને નવી દિશા તરફ લઇ ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

સ્વામી વિવેકાનંદને - કોટિ-કોટિ વંદન

યુપીમાં ઠંડીથી વધુ ૪૦ના મોત

૨૪ ટ્રેનો રદ કરવાની રેલવેને ફરજ પડી : ઘણા વિસ્તારમાં માઇનસ તાપમાન

નવી દિલ્હી,તા. ૧૧

સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ધુમ્મસ અને કાતિલ ઠંડીની સ્થિતી વચ્ચે વધુ ૨૪ ટ્રેનો રદ કરવાની રેલવેને ફરજ પડી છે. જ્યારે ૫૨ ટ્રેનો તેમના નિર્ધારિત સમય કરતા ખુબ મોડેથી દોડી રહી છે. આ ઉપરાંત ૩૪ ટ્રેનોના સમયમાં ફેરફાર કરવાની પણ ફરજ પડી છે. કાતિલ ઠંડીના કારણે ઉત્તરપ્રદેશમાં ૨૪ કલાકમાં જ ૪૦ લોકોના મોત થયા છે. જેથી રાજ્યમાં ઠંડીના કારણે મોતનો આંકડો વધીને ૧૪૫ ઉપર પહોંચી ગયો છે. હાલમાં રાહત મળવાની શક્યતા ઓછી દેખાઇ રહી છે.જમ્મુ કાશ્મીર, પંજાબ, હરિયાણા અને હિમાચલના કેટલાક ભાગોમાં ધુમ્મસની સ્થિતી રહેલી છે. હિમાચલપ્રદેશમાં પણ લોકોની હાલત કફોડી બનેલી છે. પહાડી વિસ્તારોમાં તાપમાન માઇનસમાં છે. રાજસ્થાનમાં પણ હાલત કફોડી બનેલી છે. કાશ્મીર હાલમાં ૪૦ દિવસના સૌથી ઠંડીના ગાળા ચિલાઈકાલનમાંથી પસાર થઈ રહ્યું છે. આ ગાળો ૩૧મી જાન્યુઆરીના દિવસે પૂર્ણ થશે. બીજી બાજુ મેદાનની ભાગોમાં પણ હાલત કફોડી છે. હરિયાણામાં સ્કૂલ કોલેજોને બંધ રાખવાની ફરજ પડી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ધુમ્મસની ચાદર છવાયેલી છે. દેશના જુદા જુદા ભાગોમાં કાતિલ ઠંડીની સાથે સાથે તીવ્ર ધુમ્મસની ચાદર હાલમાં છવાયેલી છે. આના કારણે દિલ્હી અને એનસીઆરમાં લોકોની હાલત કફોડી બનેલી છે. દિલ્હીથી ચાલતી અનેક ટ્રેનો લેટ થઈ છે. જ્યારે અનેક ટ્રેનો રદ કરવામાં આવી છે.

પહેલીવાર ભારતીય સમુદ્રમાં ૨૨ દેશો કરશે લશ્કરી કવાયત

૧લી માર્ચથી શરુ થનારી એક્સરસાઈઝમાં ૭૦ જહાજો લેશે ભાગ

ન્યુ દિલ્હી,તા.૧૧

ભારતીય સૈન્યની તાકાત સમુદ્રમાં હવે દેખાશે. ભારતીય નેવી અત્યાર સુધીની સૌથી મોટી 'વૉરગેમ'ની તૈયારી કરી રહી છે. હિન્દ મહાસાગરમાં અંદમાન-નિકોબારની આસાપાસના હજારો વર્ગમીલ સમુદ્રી વિસ્તારમાં આ વૉરગેમ એક્સરસાઈઝ થશે. જેમાં ૨૨ દેશો ઈન્ડિયન નેવી સાથે સાથે જોડાશે.

ઈન્ડિયન નેવી અનુસાર, ૧લી માર્ચથી શરૂ થનારી આ એક્સરસાઈઝમાં પહેલીવાર ભારતમાં દુનિયાના ૨૨ દેશોની નેવી જોડાશે, આ વખતે ૩૦ થી વધુ જંગી જહાજો નૌસેના સાથે જોડાશે અને ભારતીય નૌસેનાની પૂર્વી કમાનના ગ્રુપનો એક ભાગ તેની મહેમાનગતીને આવકારશે.

લગભગ ૭૦ જેટલા જંગી જહાજો આ વૉરગેમમાં ભાગ લેશે, પાંચ દિવસ સુધી આ જહાજો અને તેના પર સવાર સેંકડો નૌસૈનિકો જંગ અને નેચરલ ડિઝાસ્ટરને કઈ રીતે પહોંચી વળાય તેના પર એકબીજાના તાલમેલ પર કામ કરશે. નેવીની આ એક્સરસાઈઝ 'મિલન' સીરીઝ અંતર્ગત હેઠળ થઈ રહી છે. નૌસેનાના પશ્ચિમ કમાનના પૂર્વ ચીફ વાઈસ એડમિરલે જણાવ્યું કે આનો હેતુ સમુદ્રમાં કોઈપણ પ્રકારની ગેરકાયદેસરની ગતિવિધિઓ પર રોક લગાવવાનો હોય છે.

● અનુસંધાન પાન-૭ પર

કર્ણાટકમાં ભાજપમાં આંતરિક ખેંચતાણ આખરે સપાટી પર

એકતા જાળવી રાખવા અમિત શાહે સૂચન કર્યું : વિધાનસભાની ચૂંટણી આડે વધારે સમય નથી ત્યારે ટિકિટ મેળવવા ઇચ્છુક દાવેદારોમાં ખેંચતાણની સ્થિતિ સર્જાઈ

બેંગ્લોર,તા. ૧૧

કર્ણાટક વિધાનસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે ભાજપમાં આંતરિક વિખવાદની સ્થિતિ સપાટી ઉપર આવી છે. આવી સ્થિતિની નોંધ લીધા બાદ ભાજપ પ્રમુખ અમિત શાહે સંયુક્તરીતે મળીને ચૂંટણી લડવા તમામ નેતાઓને અપીલ કરી છે. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ટિકિટને લઈને ખેંચતાણની શરૂઆત થઈ ચુકી છે. વિજ્યાપુરા, ઉદુપી અને બેલ્લારી જિલ્લામાં ભાજપના કેટલાક નેતાઓએ જોરદાર વાંધો ઉઠાવ્યો છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહને આખરે તમામને ઠપકો આપવાની ફરજ પડી છે. શાંતિ જાળવવા માટે તમામને અપીલ કરી છે. પાર્ટીના સુત્રોના કહેવા મુજબ ભાજપ સામે ટિકિટ ફાળવણીને લઈને કેટલીક સમસ્યાઓ આવી રહી છે. કેટલાક જિલ્લાઓમાં એકબીજા સામે પાર્ટીના નેતાઓ આક્ષેપબાજી કરી રહ્યા છે.

ટેક્સ ભરનારાની સંખ્યામાં ૨૫ ટકાનો વધારો

જીએસટી ભરનારાની સંખ્યા એક કરોડે પહોંચે તેવી શક્યતા

ન્યુ દિલ્હી,તા.૧૧

ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ(જીએસટી) ભરનારાની સંખ્યા વધીને ૧ કરોડ સુધી પહોંચવા જઈ રહી છે. તેની સાથે જુલાઈમાં જીએસટીની શરૂઆતના સમયથી ટેક્સ ભરનારાની સંખ્યામાં ૨૫ ટકાનો વધારો થયો છે. સરકારી અધિકારીના કહેવા પ્રમાણે એક-બે દિવસમાં જ ટેક્સ ભરનારાની સંખ્યા ૧ કરોડ થઈ જશે. સરકાર ક્રિસમસ સુધીમાં કરદાતાની સંખ્યા ૯૯ લાખ સુધી જીએસટીમાં રજિસ્ટર કરાવવામાં સફળ રહી છે. તેમાં ૧૬.૬ લાખ એન્ટિટિઝ કંપોઝિશન ડીલર્સ છે, જેમાં ડીટેઈલ ઈનવૉઈસ આપ્યા વગર ત્રિમાસિક રિટર્ન ફાઈલ કરવાની છૂટ છે.જ્યારે જીએસટી લાગુ થયો ત્યારે અંદાજે ૮૦ લાખ કરદાતા હતા. તેમાંથી કેટલાક લોકોએ વિવિધ ટેક્સ પેમેન્ટ માટે રજિસ્ટ્રેશન કર્યું હતું. એટલે કે એક કંપની વેટ, એક્સાઈઝ અને સર્વિસ ટેક્સ માટે રજિસ્ટ્રેશન કરાવી શકે છે. એટલા માટે ટેક્સની વાસ્તિવક જાળ નાની હતી. પણ સુત્રોના કહેવા પ્રમાણે જૂનની આસપાસ કદદાતાની સંખ્યા ઘટી શકે છે. જ્યારે રજિસ્ટ્રેશનને એક વર્ષ પુરુ થઈ જાય પછી કેટલાક એન્ટિટિઝ બહાર નિકળી જશે. કોમર્શિયલ પ્રોપર્ટીને ભાડે આપનારા લોકોએ ખુબ મોટી સંખ્યામાં જીએસટીમાં રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, પણ હવે આ સીસ્ટમમાંથી તેઓ

● અનુસંધાન પાન-૭ પર